શ્રી અંબાજી માતાના પડછા.

સંગ્રહનાર

યશાનંદ.

पश्यामि देवां स्तव देव देहे
सर्वांस्तथा भूत विशेष संघान्
(श्रीमद् भगवद् गीता)

છપાવી પ્રસિદ્ધ કરનાર

આશાભાઈ વાઘજીભાઈ પટેલ.

નિકાગરથી આવનારાઓ.

મુ. કરમસદ, તા. આણંદ, જી. ખેડા.

સંવત [illegible]—સને ૧૯૨૬.] [પ્રથમાવૃત્તિ—પ્રત ૨૦૦૦

મહેલાવ.

કિંમત રૂ. ૦-૨-૦

અમદાવાદ.
કાળુપુર ટંકશાળમાં ધી અ. યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડમાં
મોતિલાલ શામળદાસે છાપ્યું.

શ્રી.

અંબાજી માતાના પડછા.

મહેલાવ તા. પેટલાદમાં આરાસુરનાં અંબાજી માતા પધાર્યાછે. તેનો ઇતિહાસ લખાયો છે. તેમાં સવિસ્તર અથ ઇતિ હકીકત લખી છે, તેની કીંમત ચાર આના છે, તે વાંચવામાં આવશે એટલે માહિતી મળશે. કેટલીક ચોકસી અને ચિકિત્સા કરી બધા બનાવો રસિક રીતે નોંધ્યા છે, જેથી વાંચનારને ખાત્રી થઈ માતાજી વિષે શ્રદ્ધા અને ભક્તિ ઉત્પન્ન થશે. અહિં જે જે પડછા માતાજીએ આપ્યાનું કહેવાય છે, તથા જે જે પડછા લોકો માને છે તે બધાનો સંગ્રહ કર્યો છે. આ પડછાઓમાં જેણે તેણે ખાત્રી કરી જે જે માનવા જેવા હોય તેને ધ્યાનમાં લેવા. અને જે પડછાની ખાત્રી પટે તે ઉપ-રથી માતાજી પધાર્યા છે એમ માલુમ પડે તો જે રીત પોતાને ફાયદા કારક લાગે તે રીતે માતાજીના આવ્યાનો લાભ લેવો.

૧ મરવા પડેલ માણસને માતા શરૂ.

સોમાભાઇ નાગરભાઈ પટેલ ઉમર વરસ ૨૬, પાટીદાર, સારો સશક્ત અને ભોળો માણસ છે તેને કૉલેરા એટલે માતાનું થયું અને મરવા પડેલો તેની આશા મૂકી દીધેલી, તે એકદમ ધૂણવા લાગી ગયો. તેને અંબાજી માતા અને કાળકા માતા સાથે-ચાર થયાં.

૨. હજારો માણસ વચ્ચે સાંકડી જગ્યામાં પટા રમે છે.

છ ફૂટ જેટલી સાંકડી જગ્યામાં હજારો માણસની મેદની વચ્ચે કોઇને ન વાગે એમ કોઇ ઉસ્તાદ પાસે પાંચ છ વર્ષ રહી શીખ્યો હોય એવી રીતે મરવા પડેલો માણસ છટાદાર પટા રમ્યો. બે હાથમાં બે તરવારો લઈ કોઈ કોઇવાર સાથે તો કોઇ કોઇવાર તરવાર અણીથી પકડીને તે માણસ પટા રમતો હતો.

૩. બાર બાર કલાક રમતાં છતાં થાક લાગતો નહોતો.

તે માણસ રાતના બારથી તે બીજે દિવસે બપોરના બાર અને સાંજના સાતથી રાત્રના અગીઆર વાગતા સુધી જરા પણ થાક્યા વગર રમ્યાં કરતો હતો. માંદો થયા છતાં માતા શરૂ થયા પછી સાજો થયો. ચહેરો તેજદાર અને જુસ્સાવાળો જણાતો અને માંદો થયોજ નહતો એવો જણાતો હતો.

૪ નાળીએળ પોતાની મેળે તુટયાં.

સોમાભાઇને ઘેર પાટ પુરી તેપર નાળીએળ મૂકયું હતું તે કાળકાજી શરૂ થતાંની સાથેજ તડ લઇને ફાટયું. તેનાં છોડાં પણ કાઢેલાં નહતાં. તથા અંબાજી શરૂ થયાં તે વખતે મુખીને જ્યારે ચુડી અને ચુંડીની બાધા આપવાની હતી ત્યારે પોઠીયાના હાથમાં જેવું નારીએળ આપ્યું તેવુંજ ફાટીને કકડે કકડા થઇ જમીનપર પડયું.

૫ મુખીને માતાજી આવ્યાની ખાત્રી કરી આપી.

મુખીએ ચુડી ચુંદડીની બાધા રાખી હવન કરવા કબુલ કર્યું

પણ ચુડી ચુંદડી પહેર્યાં નહિ તેથી માતા રમતાં રમતાં મુખીને ઘેર જઇ, મુખીને ત્યાં માતાજીના નામનો પેઢીયોગત દિવો થાય છે એમ પોડીએ જાહેર કર્યું. આ વાત કોઇ જાણતું નહતું. એટલુંજ નહિ પણ મુખીનો ત્રણ વર્ષનો છોકરો છરો લઇને રમ્યો. તે પહેલાં તે ખૂબ માંદો થઇ ગએલો પણ સાજો થઈ ગયો અને તેને માતા રમ્યાં.

૬ ગોખમાંથી દીવો બાજઠપર આવી બેઠો.

સાંજે સોમાભાઇને માતા રમવાની વેળા થઈ ત્યારે બાજઠપર નારીએળ હતાં અને દીવો હતો. એ બાજઠથી પાંચ ફૂટ ઉંચે ગોખલામાં અમીસાંજના ઘીનો દીવો કરેલો હતો. બે માતાઓ રમતી હતી અને પાટપર એક દીવો હતો જેથી બીજો દીવો ગોખલામાંથી અદ્ધર નીચે આવી ગોઠવાઇને પાટપર બેઠો. પડી ગએલો કે ખશી નીચે આવેલો નથી.

૭ કૉલેરાના દર્દીઓને સાજા કર્યા.

માતાજી રમે છે એવી વાત સાંભળી કૉલેરાના દર્દીઓને ઝોળીમાં નાખી લાવવામાં આવતા, તેમના ઉપર પોઠીયો હાથ ફેરવતો ધૂપ ફેરવતો, ચોખા કે ફૂલ નાંખતો કે તરવાર ફેરવતો તેની સાથે બેભાન હોય તો દર્દી ભાનપર આવતો, અને પગે ચાલીને કે લોકોના ખભા ઝાલીને ચાલીને ઘેર જતો અને સાજો થતો. કૉલેરાથી દરરોજ જેટલા માંદા પડતા તે તમામ સાજા થતા.

૮ શ્રદ્ધા વિનાના મરી જતા કે માંદા પડતા.

જેમને કૉલેરા થયા છતાં માતામાં વિશ્વાસ ન હોય તેવા કે

માતાની બાધા રાખ્યા છતાં બીજા દેવની બાધા રાખનારા, કે દવા કરનારા ભાગ્યે બચવા પામતા. તેમને કુદ્ધ પડી જતું અને માતાજી તેના સામું જોતાં નહિ. તેમ જેમણે જેમણે માતાને હસી કાઢ્યાં તેમાંના કેટલાકને જેમને કોઇ દેવપર શ્રદ્ધા નહિ તેવાને કૉલેરા થઇ ગયો, કે કોઇને કોઇ મંદવાડ તેજ અરસામાં આવ્યો અને માતાજીને માનતા કર્યાં.

૯ જૈન લોકોને માતાજી વિષે ખાત્રી થઇ.

એક આબરૂદાર જૈન વેપારી નામે તલકચંદ ગંગાદાસને સખત કૉલેરા થએલો અને તેમની આશા મૂકી દીધી હતી. સોમાબાઇને માતાજી શરૂ થયાં ત્યારે તેમના ઉપર હાથ ફેરવતાં તેઓ સાજા થઈ ચાલીને ઘેર ગયા. ત્યાર પછી જૈનલોકોને માતાજી આવ્યાની ખાત્રી થઈ અને બાધા આખડીઓ કરવા લાગ્યા.

૧૦ પોઠીયાને સાક્ષાત્ દર્શન થયાં.

સોમાબાઇનાં દાંત બંધાઈ ગયા હતા, અને સીસા જેવો જડ થઈ પડયો હતો અને રાત્રે બાર વાગે જે ઓરડીમાં પાટ પૂર્યો હતો ત્યાં આગળ બે બાઇઓ ગરબા ગાતી હતી, ઘંટ વાગતા હતા અને નગારાં વાગ્યાનો અવાજ થતો હતો. દીવા પોતાની મેળે પ્રગટાયા અને ધૂપનો વાસ મગમગી રહ્યો હતો. સોમાબાઇએ પાડોશણ બાઇને દર્શન કરવા જગાડી, તે બાઇ ઉંઘમાંથી ઉઠી તેણે ઘંટના અવાજ સાંભળ્યા પણ કમાડ ઉઘાડી બહાર આવી ઓરડીની સાખ આગળ જઇ દર્શન કરવાની તેની હીંમત થઈ નહિ. ઘંટ નગારાનો અવાજ રોન ફરનારાઓએ પણ સાંભળ્યો.

૧૧ માતાજી તથા જોગણીઓ ગામમાં ફરી દેખાદેવા લાગ્યાં.

પટેલ તુળશીભાઇ વાઘજીભાઇ ઉમર વરસ ૨૦ નો સાદો અને ભોળો માણુસ ચોતરાપર રાત્રે સુતો હતો, અને બાર એકને સુમારે જાગો થઇ જુએ છે તો ત્રણ લોહીથી :ખરડાએલી છુટા વાળવાળી, કપાળમાં કંકુની આડો કરેલી ભયંકર સ્વરૂપની બાઇઓ જોઈ અને તેમના મોખરામાં એક સુંદર સ્વરૂપવાન તેજના ગોટા જેવા મુખ-વાળી અને માથે ચુંદડી ઓઢેલી બાઈ જોઇ. આ માણુસ ભયથી સ્તબ્ધ બની ગયો અને માંથે લુગડું ઓઢીને તેમની અંદર અંદર વાતો થતી હતી તે સાંભળી તે એવો ડરી ગયો કે બીજે દીવસથી માંદો પડયો તે સાત આઠ દિવસે સાજો થયો.

૧૨ માતાજીએ શેષ વહેંચી.

ગામના ઉગમણા ભાગમાં એકવાર રાત્રે નવ દસના અરસામાં એક બાઇ જે ઉમરે વૃદ્ધ હતી તે ઓટલાપર બેઠી હતી, અને ઘરમાં બીજા માણુસો હતાં તેટલામાં એક સ્વરૂપવાન બાઇ આવીને 'લે શેષ' એમ કહી નારીએળના ટોપરાની કરચો આપી. આ બાઇ તેને ઓળ-ખવા નિહાળીને જુએ છે એટલામાં બે ડગલાં આગળ જઇ માતાજી અદૃશ્ય થઈ ગયાં.

૧૩ અગાઉથી કહીને આઠ દિવસે બીજો પોઠીઓ ખોળ્યો.

સોમાભાઇને ખોળીએ માતાજી હતાં પણ તેને ઘરના ત્રાસ આપવા લાગ્યા અને ધૂણવા બદલ વઢવા લાગ્યા તેથી માતાને કંટાળો આવ્યા ઉપરથી આઠ દિવસે બીજો પોઠીયો ખોળી લઇશ એમ કહ્યા-

થી બરાબર આઠમે દિવસે બીજો પોઠીઓ ખોળ્યો. આ બીજા પો-ઠીઆનું નામ પટેલ ચતુરભાઇ ભાઇલાલભાઇ છે. તેની ઉમર ૨૦ વર્ષની છે તે સાદો, ભોળો, અને ધર્મિષ્ઠ હોઇ સશક્ત અને રૂપાળોછે.

૧૪ ભોંયપર હાથ પછાડી ધૂપનો મૂઠો ભર્યો.

બરાબર આઠ દિવસે મંગળવારે પરોઢીએ બે બાગે ચતુરભાઇ કારમી કીકીયારી કરી જાગી ઉઠયો અને માતાજી શરૂ થતાં રમવા લાગ્યો અને ધૂપ દીવો મંગાવતાં ધૂપ નહિ મળવાથી એકદમ જો-રથી હાથ પછાડી ધૂળનો બાચકો ભરી આપ્યો. કોઇએ મશ્કરી કરી કે ધૂળ છે પણ માતાજીએ ' ધૂપ છે બાળો ' કહેતાં ખુદ આરા-સુરમાંના ધુપ જેવો સુવાસિક આ ધૂપ માલુમ પડયો.

૧૫ ખુદ આરાસુરથી આવ્યાની હકીકત કહી.

ચતુરભાઇને માતા શરૂ થતાં મહેલાવ ગામના મહાદેવના આશ્ર-યથી પોતે આવ્યાં છે તથા આરાસુરમાંથી નાખુશ થઇ નીકળી પડ-વાનું કારણ મળ્યું છે એમ જાહેર કર્યું. આ કારણ આરાસુરથી એક અનુષ્ઠાન કરનાર બ્રાહ્મણ આવ્યો તેના કહેવાપરથી ખરૂં હોય એમ જણાયું. આ બ્રાહ્મણને અગીઆરમે દિવસે ચરોતરના કોઇપણ ભાગમાં મળવાનું વચન સ્વપ્નમાં આપેલું તે ઉપરથી અંબાજી આવ્યાની વાત સાંભળીને અહિં આવેલો. અંબાજી આરાસુરમાં નથી એવી કંઇક ચર્ચા ચાલતી હોવાની વાત બહાર આવી. દેવા ગામના એક સલા-ટપર એ સંબંધી તપાસ કરવા દાંતેથી કાગળ આવ્યો છે એમ જણાયું. ખેડા માતરમાં પણ એવા કાગળો આવ્યાની વાત જણાય છે.

૧૬ પોતાને પ્રત્યક્ષ બોલાવવા મંત્ર શીખવ્યો.

ચતુરભાઇએ પોતાની મશ્કરી થશે કે લોકો ધૂણવા માટે હસશે એ બીકે માતાજીને પોતાને ખોળીએ નહિ ચઢવા આભડત્યાના સમ દીધા માતાજીને પોઠીઆને નિમિત્ત કરી પોતાને સ્થાનક કરાવવાનું હતું જેથી સ્વપ્ન આપ્યું અને મંત્ર શીખવ્યો, ચતુરભગતને મંત્ર ધ્યાનમાં રહેતો નહિ અને વારેઘડીએ ભૂલી જતા માટે માતાજીએ મોંમાં બે તમાચા મારતાંજ મંત્ર યાદ રહ્યો. આ મંત્ર ભણી ઘીના દીવા સામું જોઈ રહેતાં પોતે પ્રત્યક્ષ થવાનું વચન આપ્યું. અને આ મંત્રને આધારે જે જે કરવું હોય તે સફળ થાય એવી સિદ્ધિ આપી. આ મંત્ર ભણી હાથ ફેરવતાં દર્દી સાજો થાય છે. તથા ભુત વિગેરે નડતર ધૂણી ઉઠી ચાલ્યું જાય છે. તરવાર વાગ્યા છતાં હાથ ફેરવતાં ઘા મળી જઈ લોહી બંધ થઈ એકદમ રૂઝાઈ જાય છે.

૧૭ ફૂલ મોંમાં નાંખી કોરા કડકડતા રૂપીઆ કાઢયા.

જે કોઈ માંદું થાય ત્યાં પાટ પુરવામાં આવતો અને બાધા રાખવામાં આવતી પણ એકવાર એક પાટપર માતાજીના નામનો સવારૂપીઓ મૂકવો રહી ગએલો તે પાટપર નજર જતાં એક ફૂલ મોંમાં નાંખી કોરો કડકડતો રૂપીઓ કાઢી પાટપર મૂકવા આપ્યો. તેવાજ નવચંડી હવન વખતે બે કોરા રૂપીઆ કાઢીને આપ્યા. આ રૂપીઆ પરભાર્યા માતાજી ખાતે અર્પણ થયા. આ બે રૂપીઆ જુઠા કાઢયા એમ એકજણે વાત ઉડાવી તે માણસ તેજ રાત્રે મરણતોલ થઇ ગયો, અને તેની જીવવાની આશા છોડી દીધી. ચતુર ભગતને કાલાવાલા કરી તેની માફી માગી, તેને સાજો કરવાનું કહેતાં ચતુર

ભગતે તેના ઉપર હાથ ફેરવ્યો અને તે માણસ બેઠો થઇ હરવા ફરવા લાગી ગયો. આ માણસ માતાજીનો ભગત બની ગયો.

૧૮ માતાજી આવ્યાની એક જબરા ભૂતે સાક્ષી પૂરી.

પા. ઓતમભાઇ લલ્લુભાઈ પટેલ જે આબરૂદાર માણસ હોઇ ગામના મુખીના દરજ્જાના ઉધરાતદાર શીલકદાર હતા તેમને ઘણા વર્ષથી કોઇ ઇર્ષાખોર પૂર્વજનું નડતર હતું. તે ભૂત તેમને લાંઘા કરાવતું અને તેમના હાલ બેહાલ કરતું. પીઠ ઉપરનો ભાગ હમેશ ફાટી જતો અને શરીરે ભૂત આવતું ત્યારે સાત આઠ ફૂટ ઊંચી છલંગો મારતું. કોઈ ભુવાથી કે મંત્રતંત્ર વાળાથી આ ભૂત જતું નહતું. કેંકનાં ડાકલાં ફોડી નાંખતું અને કેંક ભૂવાઓને મારી કાઢતું હતું. આ ભૂતને લોકો તિરસ્કારથી ઉકલો કહે છે તે માતાજીના મ્હોં આગળ ધુણી ઉઠી, કાલાવાલા કરી હમેશ માટે જવાનું કબુલ કરી જતું રહ્યું અને જતાં જતાં 'ખુદ આરાસુરની અંબાજી છે' 'એની સેવા ચાકરી કરો' 'તમારૂં કલ્યાણ કરશે' ઇત્યાદિ શબ્દો કહ્યા અને કહ્યું કે મને કાઢનાર કોઇ જબરો નથી પણ માતાજીને લીધે મારે જવું પડે છે. ઓતમભાઇની પીઠ ઉપરની હમેશની ફાટ ચુક બંધ થઇ ગઇ. કારણ ઉકલો તેમની પીઠે શરૂ રહેતો.

અંબાજીના ચમત્કાર

અને

મહેલાવમાં દેવીના આગમનનો

ઈતિહાસ.

છપાઇ પ્રસિદ્ધ થયો છે. આસ્થાવાળાઓએ અવશ્ય વાંચી જોવો, માતાજીએ શી રીતે અત્રે આગમન કર્યું. શી રીતે પોતાની પ્રસીદ્ધિ કરી લીધી, તેની એકંદર તમામ ભરોંસા લાયક હકીકત લખેલી છે. ભાષા સાદી અને રસિક છે જેથી વાંચનારને ઘણા આનંદ સહિત શ્રદ્ધા ભક્તિ ઉત્પન્ન થયા વિના રહેશે નહિ. આ ઇતિહાસ વાંચ્યા વિના પસ્તાશો. માટે અવશ્ય ખરીદી વાંચી જોઇ માતાજીનો મહિમા ગાઓ.

કળીયુગમાં ચમત્કાર રૂપ થઇ પડેલા!

!! ત્રિકાળ દર્શિ આયના !!

જો તમારે દેવદેવીઓનાં સાક્ષાત્ દર્શન કરવાં હોય તો.

જો તમારે તમારાં સંકટ નિવારણ કરી લેવાં હોય તો.

જો તમારે દેશપરદેશ સગાંવહાલાં કે જાત્રાનાં સ્થળ જોવાં હોય તો.

જો તમારે ભૂત ભવિષ્ય વર્તમાન જાણવાં હોય તો.

જો તમારે ધારણા સફળ થશે કે નહિ, તે અગાઉ જાણવું હોય તો.

જો તમારે અમુક કામમાં ફતેહમંદ થવાશે કે નહિ તે જાણવું હોય તો,

જો તમારે વેપારના ભાવતાલ, નફોતોટો, પાસ નાપાસ જાણવું હોય.

જો તમારે ધ્યાન ધારણા અને સમાધી સાધવાં હોય તો.

જો તમારે દેવ દેવી કે પિતૃઓ કે સગાંવહાલાં જોડે વાત કરવી હોય તો આ ચમત્કાર રૂપ આયના ખરીદો. મોટા પુરૂષોએ સર્ટીફિકેટ આપ્યાં છે તે વાંચી જુઓ અને ખાત્રી કરો મંગાવો.

૧૯ લુલો સાજો થયો.

ચતુર ભગતનો સૌથી નાનો ભાઈ પડી જવાથી પગ ઉતરી ગયો હતો તે ચઢી શકયો નહતો. ઉપાયો ઘણા કર્યા તોપણ ઘોડીનું ટેકણુ દઇને ચાલતો હતો અને પગ અદ્ધર રહેતો હતો. માતાજીએ હાથ ફેરવતાંજ ઘોડી કાઢીને પગ માંડીને ચાલવા લાગી ગયો.

૨૦ સજ્જડ થએલો હાથ વળવા લાગ્યો.

નારની એક બાઇનો જમણો હાથ કોણીમાંથી વળતો નહતો અને સાંધો અને સીધો રહેતો હતો. તે બાઇ માતાજીના દર્શને આવી અને પોઢીએ માતાજી શરૂ હતાં તે વખતે માતાજીએ હાથ ફેરવતાં જ તેજ વખતે હાથ વળવા લાગ્યો અને તે દિવસે રાત્રે તે બાઇ જમણે હાથે જમી શકી.

૨૧ સ્થાનક કરી દેવળ બાંધવાનું પોતાને માથે લીધું.

ત્રિશૂળ તૈયાર કરાવી બરાબર પાવર્તીજીના સનમૂખ રોપ્યું અને લોકોએ નાની દેરી કરવા લખણી વિગેરે કરવા તૈયારી કરતાં માતાએ લખણી કરવા સાફ ના કહી. બધાં સાધનો પોતાની મેળે આવશે, પુજારી પોતાની મેળે આવશે. કડીઆ સલાટ શોધતા આવશે. ગામ લોકોએ ફક્ત અંગમહેનતજ આપવી એમ કહ્યું, અને તેજ પ્રમાણે મોટું દેવળ કરવા સાધનો આવવા લાગ્યાં, પુજારી મહેમદાવાદથી આવી ચઢયો અને એક કારિગર સલાટે માતાના ભંડારમાં ફાયદો થાય એવી રીતે દેવળ કરવાનું પોતાને માંથે રાખ્યું. સલાટની ઓનાં

ભૂત કાઢતાં તેને ઘણી શ્રદ્ધા બેસી ગઇ અને જુનુ મહેનતાણું લઇને જેવું માતાજીનો હુકમ થશે તેવું દેવળ બાંધવા કબુલ થયો. પાયા ખોદાઇ ગયા, અને માતાજીના કહેવા પ્રમાણે ચાર ફુટ ખોદતાં જુના પાયા જડયા.

૨૨ મુખીને મોંતમાંથી બચાવ્યા.

પટેલ જેઠાભાઇ રાયજીભાઇ કંઇક માતાજીની કસુરમાં આવી ગયા, અને માતાજીના હુકમથી જોગણીઓએ તેમને ઝપટમાં લીધા અને મરણાવસ્થાએ પહોંચાડયા. જીવ્યાની આશા રહી નહોતી. માતાજીના હુકમથી ચતુર ભગતે શરીરે જ્યાં જ્યાં હાથ ફેરવ્યો ત્યાંથી ફાટ સુસ ઓછી થઇ ગઇ. ઝાડા ઉલટી શમી ગયાં અને બીજે દિવસેથી આરામ થવા માંડયો. મુખીએ ગુનેહગારી બદ્દલ બાધા આખડીઓ માની અને ભારે ખર્ચ કરી, મોટા વિદ્વાનોને બોલાવી પૂર ઠાઠમાં નવચંડી હવન કર્યો. તે દિવસે દસ હજાર જેટલા માણસો માતાજીના દર્શને આવ્યા હતાં.

૨૩ મશ્કરી કરનારને શિક્ષા કરી.

દરરોજ રાત્રે માતાજી પોઢીએ શરૂ થતાં અને કોઇનાં ભૂત ઝોડાં કાઢતાં હતાં ત્યારે પટેલ સોમાભાઇ બાપુલાલભાઇએ મશ્કરી કરી કે ગામમાં ફારસ માંડયું છે. બીજેજ દિવસે ઝાડો ઉલટી થયા શિવાય તેમને એવી જબરજસ્ત તાણો આવવા માંડી કે પચીસ પચીસ માણસોએ દાબ્યા છતાં પણ તાણ અટકતી નહોતી. ચતુર ભગતે હાથ ફેરવી બાધા આપતાંજ બીજે દિવસે કંઇ થયું નહતું.

એવી સારી સ્થીતિ બની ગઇ. તેમને માતાજીની એટલી શ્રદ્ધા બેઠી છે કે આખા ઘરનાં માતાજી પાછળ ગાંડાતૂર બની ગયાં છે.

૨૪ નારીએળ ને ફૂલનાં પાંદડાએ પ્રદક્ષિણા કરી

આશાભાઇ બાબરભાઇ નામના પાટીદાર, ગુજરાતીશાળાના આસિસ્ટંટ સ્વામીનારાયણ પંથના અને માતાજી વિષે અશ્રદ્ધાળુ હતા તેમને કૉલેરા થયો અને બાર તેર ઝાડા આવી ગયા અને જીવ્યાની આશા નહોતી. તેમણે બાધા રાખી માતાજીનો પોતાને ઘેર પાટ પુર્યો. પાટપરના નારીએળ સામા એક પાંદડાપર ફૂલ હતાં. તે પાંદડું પોતાની મેળે ખસતું નારીએળની એક બાજુએ જતું હતું અને ત્યાં ભીંતનો અટકાવ થતાં બીજી બાજુએ જતું હતું. કોઇએ ધાર્યું કે પાંદડા તળે જીવડું હશે એમ ધારી પાંદડું ઉપાડયું અને જોયું તો જીવડું ન મળે આ પાંદડું નીચે મૂકયા પછી ફરતું બંધ થયું.

૨૫ તરવાર અદ્ધર રહી.

એજ માણસને ત્યાં પોઠીઆને માતા શરૂ કરાવવા યત્ન કરતાં ખાંડું હાથમાં આપ્યું. શરીરે માતા હતાં પણ રમવાનાં નહોતાં તેથી ખાંડું છોડી દેતાં અદ્ધર રહી ગયું અને લગભગ એક મિનિટ પછી ખાંડું પોઠીએ પકડી લીધું અને માંદા માણસપર હાથ ફેરવતાં તે સાજો થઇ ગયો અને નહિ માનનારો માણસ માતાજીનો પરમભક્ત થઇ ગયો છે.

૨૬ માતાજી સાક્ષાત્ દર્શન દઇ વઢયાં.

સોમાભાઇ ભાઇલાલભાઇના માતુશ્રી વૃદ્ધ અને સાધ્વીબાઇ છે

તેમણે સામાભાઇ માંદા થતાં પોતાના ઘરમાં પાટ પુરવાને કદાચ પડછાયો પડશે એ બીકે ના કહી બીજા ઘરમાં પાટ પુરાવ્યો. તેજ રાત્રે માતાજી સાક્ષાત્ તેમની આગળ આવી વઢયાં; 'માતાજી ભૂલ થઇ ક્ષમા કરજો' વિગેરે શબ્દો બોલી ખૂબ ડરી જતાં રામ રામ કરવા માંડયું. આજુબાજુના લોકો જાગ્રત્ થયા અને માતાજીના શબ્દોનો ગણગણાટ સાંભળી ડોશી કોની જોડે બોલે છે તેની પુછ-પરછ કરતાં ડોસી રામ રામ કરતાં બેઠેલાં જણાયાં શબ્દોનો ગણગ-ણાટ સાંભળનાર સાખપાડોશી બે બાપ દીકરા નામે મોતીભાઇ જોરાભાઇ તથા જોરાભાઇ ખુશાલભાઇ હતા.

૨૭ ધુણવાનું નહિ માનનારને ધુણાવ્યા.

હાથીભાઇ સવદાસ નામના આગેવાન પાટીદારને ઉપરચોટીઆ શ્રદ્ધા હતી તેમણે કહ્યું કે મને ધુણાવે તો ધુણવું ખરૂં મનાય, મા-તાજીના પોઠીયાએ માતાજીનું નામ લઇ કંકુનો ચાંદલો કરતાંની સાથેજ હાંક મારી માતાજી રમવા લાગી ગયાં. આ માણસ ત્યાર પછી પરમ ભક્ત બની જઇ માતાજીની વ્યવસ્થા રાખવામાં તનતોડ મહેનત કરવા લાગી ગયા છે.

૨૮ નહિ માનનારને ધુણાવી ગુનેહગારી લીધી.

પુરશોતમ નાગરભાઇ નામનો ગુજરાતી તથા થોડુંક અંગ્રેજી ભણેલો જુવાનીઓ આ વાત હસી કાઢતો હતો, તેને એકવાર બપોરે લાત મારી માતાજીએ જગાડયો. પણ સ્વપ્નું માની વાત હસી કાઢી. ચતુરભગતને કહ્યું 'મને ધુણાવે તો માતાજીના કામમાં પાંચ રૂપીઆ

આપીશ. માતાજીના હુકમથી હાથમાં શ્રીફળ આપતાંજ ભાઈ ધુણવા લાગ્યા અને સાવધ થતાં શેઠ ખાઇ ગયા જેથી માનતાઓ માની કાલાવાલા કરી પાંચ રૂપીઆ ગુનેહગારીના માતાજીમાં આપ્યા.

૨૯ વૈષ્ણવ પરમભક્તને બોળીએ માતા ચઢયાં.

ચતુરભાઇ વહાલાભાઇ નામના પરમ્ વૈષ્ણવ ભક્ત છે. લોકોએ ધાર્યું કે ચતુરભાઇ ધૂણે તો કંઇક ખરૂં મનાય માટે એમને માતા ચઢાવવા ચતુરભગતને વિનંતિ કરી. ચતુરભાઇ વહાલાભાઇને દીવા સામું જોવા કહેતાંજ તેમનો હાથ ધ્રૂજવા લાગ્યો. આ માણસને એવું અભિમાન કે હું બેભાન થઊંજ નહિ પણ અંબેમાતની જય બોલાવતાંજ એમની શુદ્ધિ ગઇ. હાથ પગ દાબી ધ્રૂજતા અટકવા ઘણાં ફાંફાં માર્યા પણ માતાજીએ રમીને ચમત્કાર બતાવી દીધો. તે વખતે માતાજીએ ફૂલનો અરધો હાર કરમાવાની વાત કહી.

૩૦ આઠ દિવસે ફૂલના હારની ડાબી બાજુ કરમાઇ.

માતાજીના સ્થાનકના ત્રિશૂળપર સેંકડો લોકોએ દરરોજ હાર ચઢાવવાનો નિયમ લીધો હતો જેથી હારના ઢગલેઢગલા ત્રિશૂળપર લટકતા. તેમાંનો ડાબી તરફનો અરધો કરમાએલો અને જમણી તરફનો પ્રફુલ્લિત હાર ઘણા જણાએ તપાસી તપાસી જોયો છે. હવે સ્પર્શાસ્પર્શ બહુ થાય છે જેથી આખો કરમાએલો દેખાય છે.

૩૧ લીમડાની પોણા ભાગ જેટલી કડવાશ ગઈ.

માતાજીના દેવળનો પાયો ખોદતાં લીમડો કાપવો પડયો જેથી સ્થાનકની પાછળના લીમડાની પણ ડાળો કાપવી પડેલી તેનાં પાંદડાં

ઢોરે પણ ખાધાં નહિ એવો કડવો લીમડો કોઇએ મશ્કરી દાખલ અને રણછોડજીના પડછા જેવો પડછો છે કે નહિ તેની હાંસીથી પરીક્ષા કરવા જતાં કડવો ન લાગવાથી બે ત્રણ પાંદડાં ચાવ્યા ઉપરથી લીમડાની કડવાશ પોણા ભાગ જેટલી ઓછી થએલી માલુમ પડી. હજારો લોકો પાંદડાં તોડી ચાવી ખાત્રી કરે છે, પાછળથી સ્હેજ કડવાશ લાગે છે પણ ચાવવા કોઇ જાતનો વાંધો આવતો નથી.

૩૨ પાંચ નાગણો હવનનું દર્શન કરી ગઈ.

હર્ષદમાતાના વડ આગળ ગામ બહાર હવન થયો તે વખતે ત્રણ ચાર હજાર માણસો દર્શન માટે આવેલા. વડના મૂળમાં દીવો કરેલો તેના ઉપર પાંચ નાગણો હારબંધ ફેણ માંડી એક કલાક સુધી બેસી રહી હવન સામું જોઇ રહી હતી. પોઠીએ માતાજી શરૂ થઈ જવાનો હુકમ કરતાંજ ચાલી ગઇ તે ફરી જણાઇ નથી.

૩૪ ભમરાની રમખાણમાંથી લોકોને ઉગાર્યા.

આજ હવન વખતે વડપરનું ભમરીયું મધ ઉડયું અને આકાશ જાણે છવાયું હોય એટલા બધા ભમરા મેદનીને માથે ભમવા લાગ્યા. લોકો જ્યાં જગ્યા જડી ત્યાં નાસવા લાગ્યા, બ્રાહ્મણો વેદી છોડી નાઠા અને હવનમાં ભંગાણ પડયું. કેક લોકો ચગદાવાની તૈયારીમાં હતા એટલામાં માતાજીએ હુકમ કર્યો કે 'બીશો નહિ જતા રહેશે' તેની સાથેજ અસંખ્ય ભમરા ચટોચટ બેસી ગયા અને એક પણ માણસને ભમરો કરડેલો સાંભળવામાં આવ્યો નથી. વેદી પાસે ફક્ત માતાજીના પોઠીયા શિવાય કોઇ રહેલું નહિ, એવો ભયંકર પ્રસંગ ગુજરવા બેઠેલો માતાજીની ઇચ્છાથી ટળી ગયો.

૬૫ બાધા આખડી વાળાને તુર્ત આરામ.

બાધા આખડી રાખી સાજા થનારા હજારથી પણ વધારે માણસો હશે, તેમની જુદી જુદી નોંધ રખાય એમ નથી. પણ નવા ગામના નાયકા ભણીના એક પાટીદારનો છોકરો મરણાવસ્થાએ પહોંચ્યો અને ધરનાએ દર્શન કરી અન્ન ખાવાની બાધા લઇ છોકરાને માતાજીના દર્શને લાવવામાં આવ્યો. છોકરો અહિંજ સાજો થયો અને ધરનાંએ અન્નની બાધા છોડી; આવા ત્રણ પ્રકારો બીજા આ ગાળામાં બન્યા છે. સોજીત્રામાં એક ખેડાવાળ બ્રાહ્મણની છોડીનું પુણ્ય કરાવેલું માતાજીને ફૂલ મંડળની બાધા રાખતાં છોડી સાજી થઇ ગઇ. આ ચમત્કારો તો હવે સાધારણ થઇ પડયા છે.

૩૬ ભૂત ઝોડાંનો તુર્ત નિકાલ.

આવી નડતર વાળા કૈક સાજા થયા તેનો સુમાર રહ્યો નથી. પાછળ કહેલા ઉકલાને કાઢયાની વાત તથા ત્યાર પછી જે કડીએ માતાજીનું દેવળ બાંધવાનું કામ કબુલ કર્યું તેની સ્ત્રીનું ભૂત કાઢયાની વાત બહાર ફૂટી ગઇ. જે કોઇ નડતર વાળું આવે છે તે માતાજીનાં દર્શન કરતાંજ ધુણી ઉઠે છે. અને પોઠીએ માતાજી શરૂ થઇ તો પોઠીઓજ કોઇ વખત માતાજીના હુકમથી નડતરને કાડી મૂકે છે કે કોઇ ઠેકાણે બેસાડી મૂકે છે. કેટલાકને માતાજીના સ્થાનમાં ચોરી થતી અટકાવવા તો કોઇને તળાવમાં બિગાડ કરતાં અટકાવવા બેસાડી મૂકે છે.

૩૭ દેવદેવીના સંચાર વાળા પોઠીઆ રમી જાય છે.

ગમે તે ગામનો માણસ જેને કોઇ દેવદેવી રમતાં હોય તે માતાજીનાં દર્શન કરવા આવતાંજ રમવા લાગી જાય છે. માતાજી પોઠીએ શરૂ થતાં સામસામી પુજા કરી વાતચિત કરી વળી જાય છે. એક સુંદર દેખાવ જીંડવાપુરાની એક બાર વરસની બાળાને દેવીનો સંચાર થતાં, ખુદ બાળસ્વરૂપે સાક્ષાત્ માતાજીનું સ્વરૂપ દેખાતું હતું. આ બાળા સતત બે કલાક કેશ છુટા નાખીને થનથન કુદતી અને કારમી કીકીયારી પાડી તથા એકએક આંખ વધની આંખ જેટલી ફાડી રમી અને પંદરપંદર માણસો ઝાલતાં છતાં હાથમાં રહેતી નહતી. અંબાજી પોઠીએ શરૂ થતાં સામસામાં હસતાં બોલતાં આ માતાજી વળી ગયાં. એક જણે આ બાળાને પુછ્યું કે 'આ અંબાજી માતા ખરાં' ત્યારે આ બાળા ક્રોધના આવેશમાં આવી કહે છે કે 'અરે મૂર્ખાઓ અમે આટ આટલા પડછા આપીએ છીએ તો પણ તમે માનતા નથી. કેવા મૂર્ખ છો.'

૩૮ મહેમદાવાદમાં દેવી ભક્ત મંડળીને પડછો.

મહેમદાવાદમાં દર વર્ષે અંબાજી જનાર મંડળી છે તેમને ત્યાં એક બાઇને માતાજી રમી પોતે મહેલાવ આવ્યાની વાત કહી, મંડળી મહેલાવ લાવવા કહ્યું. આમાંના પાંચ માણસો જેમાં છોટાલાલ મોહનલાલ આગેવાન હતો તે અહિં આવી જોઇ ગયા, પણ આ નવીન સ્થાનકે મંડળી શી રીતે લઇ જવાય તેની શંકા થતાં માતાજી ફરી રમ્યાં અને છોટાલાલના હાથમાં અરધું નારીએળ અને અરધું બહાર પુટી પડતાં તેમને ખાત્રી થતાં પચીસ ત્રીસ માણસની મંડળી, અંબાજીની પદ્ધતિ પ્રમાણે અહિં આવી જાત્રા કરી જતી રહી. ત્યારપછી અસંખ્ય મંડળીઓ આવતી રહે છે.

રેવેન્યુ કમીશનર સાહેબ

ત્રિકાળદર્શી આયના માટે લખે છે કેઃ—

" ત્રિકાળદર્શી આયનામાં મોટામાં મોટા બાર ચૌદ વરસની ઉમરના બાળકો જુએ છે. તો તેની જાહેર ખબરમાં આપેલી વિગત પ્રમાણે જોવામાં આવે છે. ને તે જોઇને જે હકીકત કહે છે તે ભૂત, ભવિષ્ય, વર્તમાનની વાત બહુધા ખરીજ પડે છે. મેં એ આયનામાં બાર ચૌદ વરસના છોકરા પાસે જોવરાવી પાસેના ખડની, બીજા ગામની, ત્યાંના અમુક ઘરની આફ્રિકાની બોર લડાઇમાં પ્રખ્યાત મેફકિંગના ઘેરાની હકીકત પૂછી હતી. ને તે નવાણું ટકા જેટલી વાત ખરી કહી હતી. "

(રાવસાહેબ વિઠ્ઠલદાસ ધનજીભાઇ

રેવેન્યુ કમિશ્નર સાહેબ

દેવગઢ બારીઆ સ્ટેટ.)

શ્રીમંત મહારાજા ઓંકારસિંહ.

ત્રિકાળદર્શી આયના વિષે લખે છે.

મહાશય—આપના તરફથી આવેલો વી. ટી. પટેલ કૃત આયનો મળ્યો છે. અને તેનો તાત્કાલિક પ્રયોગ કરવામાં આવેલો, તે ઉપરથી મોટો ચમત્કાર જોવામાં આવેલો, અને તેના પ્રયોગ વડે માલુમ થએલી સઘળી બીના પૂરેપૂરી ખરી પડી. હું પ્રસન્ન થઇને આપને ધન્યવાદ આપુંછું. આપ આ પરમ પવિત્ર ભૂમિમાં તારારૂપ થઇ પ્રકાશ કરોછો, આપને ધન્ય છે. આપની મહેનત સફળ થાઓ. જેના વડે જોવાથી ગમે તેટલી ઉમરના માણસ જુએ તો પણ તેને એવીજ મજા પ્રાપ્ત થાય એવો મંત્ર બનાવવાની કોશીશ કરશો તો શ્રી પરમાત્માની ઇચ્છાથી જરૂર આપની ધારણા પાર પડશે, અને વિનંતિ કરૂંછું કે જરૂર યત્ન કરીને દુનિયા ઉપર આભાર કરશો, આ પત્ર આપની પાસે સર્ટીફિકેટ રૂપ મોકલુંછુ સબબ મરજી પ્રમાણે ઉપયોગમાં લેશો.

પઠારી સ્ટેટ.
તા. ૧૫-૧૧-૧૯૦૫ } **હિઝ હાઇનેસ ધી મહારાજા ઓંકારસિંહ.**

સિક્કો.

૩૯ ખંભાતમાં સિદ્ધ માતાએ અંબાજીની હકીકત કહી.

સિદ્ધમાતા ખંભાતમાં કદી રમ્યાનું સાંભળવામાં નહોતું. અને એક દિવસે વૃદ્ધ પુજારી ધુણી ઉઠીને મહેલાવમાં અંબાજી આવ્યાની વાત કહી પોતે માતાજીને મળવા જશે એમ ઇચ્છા જાહેર કરી તે ઉપરથી કેટલાક લોકો ખાત્રી કરવા અહિં આવેલા તે વખતે આટલી પ્રસિદ્ધ થએલી નહિ.

૪૦ આશાપુરી માતા મહેલાવ આવ્યાં.

મહેલાવથી દક્ષિણ બણી આશાપુરી માતા જાગતી જોત હોઇ ઘણી પ્રસિદ્ધ છે. ઘણા વર્ષ ઉપર એક બાળકને પૂર્ણ કળાએ રમતાં તેના મોંમાંથી કંકુના બાચકેબાચકા નીકળી પડતાં તે બાળકથી આવેશ ન જીરવાયાથી તે બાળક મરી ગએલાની હકીકત બની તે વખતે કેટલાક માણસો ત્યાં હતા અને બનાવ નજરે જોયો છે. આમ નજરે જોઇ કહેનાર ઝવેરભાઇ ધર્મદાસ નામે પાટીદાર અહિં છે. આ વખતે ફરીને એક છોકરીને માતા રમી કહ્યું કે ભાદરવા સુદ ૮ (દુર્ગાષ્ટમી) એ ' હું મહેલાવ અંબાજીને મળવા જવાની છું મારો મેળો ત્યાં થશે ' તે ઉપરથી રાબેતા મુજબ આ મેળો ત્યાં ન ભરાતાં મહેલાવજ ભરાયો. આશાપુરીનો પુજારો ન માને માટે તેને પણ સ્વપ્નું આપેલું કહેવાય છે.

૪૧ ઉમરેઠની ચંડી માતાએ અંબાજીની પ્રસિદ્ધિ કરી.

ઉમરેઠમાં નવચંડી હવન થએલું તે પોતાને પોચ્યું નથી એમ

એક નાની કુમારીકાને ત્યાંનાં માતા રમીને કહ્યું. કારણ પુછતાં વેદી નીચે હાડકાં હોવાની વાત કરતા ઉપરથી ખોદી જોતાં હાડકાં નીકળ્યાં જેથી ફરી નવચંડી હવન થયો તે પહોંચ્યો એમ જાહેર કરવા માતા રમ્યાં ત્યારે મહેલાવમાં અંબાજી આવ્યાની વાત પ્રસિદ્ધ કરી. તે વખતે એક માણસે ખાત્રી કરવાનું કહેતાં તે છોકરીએ કહ્યું કે 'તું તારા સગાંને ઘેર ન જતાં તારે પરભાર્યાં માતાજીનાં દર્શન લેવા જવું પડશે' તે ઉપરથી તે માણસ તે બાળાના બોલ ખોટા પાડવા સગાને ઘેર સોજીત્રે જવા નીકળ્યો. સ્ટેશનથી ઉતરી ઘરના રસ્તો લેછે એટલામાં જેને ઘેર તે જવાનો તે બધાંજ અંબાજીનાં દર્શન કરવા ઘેરથી નીકળી પડેલાં તેને રસ્તામાં મળવાથી તે માણસને સોજીત્રાના સ્ટેશન પરથી પરભાર્યું અહિં દર્શન માટે આવવું પડ્યું.

૪૨ ચાળીસ માણુસોને સાથે સાક્ષાત્ દર્શન.

માતાજીના ચમત્કારોથી, દેવ કે દેવીને નહિ ગાંઠનારાની એક ટોળી પરમ ભક્ત બની ગઇ છે. તેઓ માતાજી સન્મૂખ રાત્રે ભજન કીર્તન કરે છે. આ મંડળી ભજન કરવા રાત્રે મોડીવાર બેઠેલી તે તખતે દેરીમાં દીવા પાછળ છુટા વાળવાળું, કપાળમાં આડવાળું, સુંદર આંખે તથા નાકમાં નથની સહિતનું સાક્ષાત્ સ્વરૂપ બધાઓએ જોયું અને તુર્ત ઠરાવ કર્યો કે જેમણે જેમણે દર્શન કર્યા તેમણે આરતી વખતે બેવાર તથા રાત્રે ભજનકીર્તન માટે દરરોજ હાજરી આપવી. હાજર નહિ રહેનાર માતાજીને નારીએળનો દંડ આપે. આ ટોળી કોઇને નહિ માનનાર તે સીધી દોર થઇ નીતિને માર્ગે લાગેલી છે.

૪૩ ભાથીખત્રી પરચો આપી દર્શન કરી ગયા.

ભાથીખત્રી નામનો કોઇ શૂરો આ ગાળામાં પહેલાં થઇ ગયો છે. તે અહિં એક માણસના શરીરે ચઢે છે. ગમે તેવા વિષારી જનાવરનું ઝેર ચુસી લઇ તેવા અકસ્માતથી મરણ થતું અટકાવે છે. ભાથીખત્રીના નામનું નારીએળ પોડીઆના કપાળ વગર બીજે વધેરાતું નથી. એક દિવસે ભાથીખત્રી શરૂ થઇ કપાળમાં તડોતડ બે નારીએળ પછાડી ફોડી, માતાજીનાં દર્શન કરી વળી ગયા હતા. નારીએળ કપાળે અડયું ન અડયું એટલામાંજ ફૂટીને કકડા થાય છે. આ વાત અહિં સાધારણ થઇ પડી છે. અને તેને વિષે કંઇ શંકાજ નથી.

૪૪ એક ઝીંદે મુસલમાનોની ખાત્રી કરી.

જોળ ગામનો એક મુસલમાન માતાજીને દર્શને આવતાંજ તેના શરીરમાંનો ઝિંદ ધુણી ઉઠયો. માતાજીએ જતા રહેવાનો હુકમ કરતાંજ સલામ કરી વળી ગયો. આ મુસલમાન જોળમાં ફરી ધુણ્યો અને બોલ્યો કે મહેલાતમાં માતાજીના માનની ખાતર મારે જવું પડયું. મને મંત્રથી બાંધ્યો છે માટે મંત્રથી હું છુટો થાઉં તોજ હું જાઉં. માતાજીના પોઠીયા પાસે મને કાઢવાના મંત્ર નથી માટે હું તદન ગયો નહતો.'

૪૫ લોઢાના ચણા ચવરાવવાની વાત ફોટી.

સોજીત્રા ગામના બાવાને ઇચ્છા થઇ કે લોઢાના ચણા ચવરાવી માતાજીની પરીક્ષા કરવી. તેણે ચણા તૈયાર કરાવી એક પાટીદારને આપ્યા હતા. તેઓ દર્શન કરવા આવ્યા અને ઘણી ધમાલ પછી લોઢાના ચણા કાઢવા કહેતાં ચણા નિકળ્યા નહિ. માતાજીની મરજીથી જે ગજવામાં લોઢાના ચણા મૂકેલા તે ગજવાવાળુ ડગલું સોજીત્રે રહી ગએલું અને બીજું પહેરવામાં આવેલું. આ વાતે એવું

સ્વરૂપ લીધું કે ચણાને બદલે સોપારીના કકડા ગજવામાંથી નીકળ્યા, આવા પર માતાજી ગુસ્સે થયાં અને સોજીત્રામાં રાત્રે વાઘપર સ્વારી કરી તેના ગળાપર ચઢી બેઠાં, બાવો માંદો થયો તથા માતાજીએ કંકુના પગલાં ત્યાંના સ્થાનકમાં પાડયાં. પૂજારણ બાઇએ આ પગલાં પાડયાનો વહેમ લેવાય છે ત્યારે કેટલાક આમ પગલાં પાડયાની વાત પાયાદાર માને છે.

૪૬ આરાસુરથી ત્રિશુળ ઉડયાની વાત.

આ વાત તદ્દન પાયા વગરની છે. અહિં જે ત્રિશુળ છે તે ત્રિશૂળ લુહાર પાસેથી ઘડાવેલું છે. આરાસુરમાંનું ત્રિશુળ ખરેખર ઉડયું કે કોઇ ચોરી ગયું, કે નવું કરાવી તેની જગ્યાએ ગોઠવ્યું અથવા વાત દાબીદુબી રાખી કે આમ થયુંજ નથી તેનો કંઇ નિર્ણય થતો નથી. આ વાત પેહલવહેલાં અમદાવાદથી ચર્ચાતી નડીઆદ થઇ વડોદરા બાજુ ફેલાઇ અને અત્રેના લોકો બહાર ગામ જતાં તેની પુછપરછ કરતાં અહિંના લોકોજ ઉલટ અચંબો પામ્યા. આ વાત બહારગામથી અહિં પહોંચતાં લગી સ્વપ્ને પણ નહોતી અને અહિંથી શરૂ પણ થઇ નથી. સત્ય શું હશે તે તો પ્રભુ જાણે પણ વાત ઉડી છે એ ચોકસ છે. માટે સાવધ રહેવું.

૪૭ એક પરમહંસ સંન્યાસીની પરીક્ષા.

એક સંન્યાસી, ફક્ત લંગોટીભેર રહેનાર, થોડું બોલનાર, પ્રશ્નક છતાં વેદઉપનિષદના આધારથી ખુલાસો કરનાર, ખાવા પીવાની પર્વા વિનાનો, અહિં આવી ચઢેલો, તેની આંખો ભમરમાં ધ્યાન ધરી ત્રાંસી થએલી જણાતી હતી. તે માતાજીના સ્થાનકમાં જઇ ચઢતાંજ પરમ ભગવતી છે. ખપ્પર સ્વરૂપ નથી. દારૂ માંસનો ઉપયોગ નહિ થવો જોઇએ એટલા ઉદ્ગારો કાઢયા. આ વાત ચતુરભગતને માતા

શરૂ થએલાં ત્યારે પણ કહેલી અને હારના પડછાથી વધુ ખાત્રી થતાં આ સંન્યાસી વિષે માન ઉપજ્યું અને માતાજી સૌમ્ય સ્વરૂપે છે એમ નિર્ણય થયો.

૪૮ હેડ માસ્તરને દર્શન દઇ ઉપદેશ કર્યો.

સરકારે ગુજરાતી શાળાના હેડ માસ્તર આ વાતને હસી કાઢતા હતા અને એટલે દરજ્જે હિમત કરી કે એક બે રમતા પોઠીઆ પાસે પ્રત્યક્ષ પડછા માગ્યા અને પડછા આપવાનું સામર્થ્ય ન હોય તો તરવાર મુકી દઇ ચાલ્યા જવા પણ ધમકાવ્યા હતા. છતાં તેમ ને માતાજીના કારભારના વહીવટ પર દેખરેખ રાખવાનું કામ સુપ્રત થયું. તેમની ઇચ્છા હતી કે મને દર્શન દે તો ખરૂં નહિ તો ખોટું. તે પ્રમાણે એક રાત્રે જાગૃત છતાં બાર વાગે તેજોમય ગોટાએ સ્ત્રી સ્વરૂપ ધારણ કરેલું, લાલ ગુલાબી રંગના ધાબ્બાં વાળા તેજદાર ગાલ, સૌમ્ય આંખો. નાકમાં હિરા જડિત કાંટો અને સફેદ વસ્ત્ર ઓઢેલું સ્વરૂપ સાક્ષાત્ ખડું થયું. કદાચ અંધારાં આવ્યાં હોય ને આમ દેખાયું હશે એમ માનવા વલણ કરે છે એટલામાં 'મારી શીખામણ સાંભળો કંઇ ખોટું કરવું નહિ' આમ બોલી સ્વરૂપ અદ્રશ્ય થયું માસ્તર સ્તબ્ધ બની ગયા અને બહુજ વિસ્મય પામ્યા લોકોને વાત કહેતાં ખુદ માતાજી દર્શન દઈ ગયાં એમ માલુમ પડયું.

૪૯ માતાજી આવ્યાનું પરિણામ.

ગામમાં લીલા લ્હેર થઇ ગઇ છે. પરમ સંતોષ આનંદ અને શાંતિ ફેલાયાં છે. મેઘરાજાએ સંપૂર્ણ મહેર કરી છે અને પચીસ વર્ષમાં નહોતો એવો પાક તૈયાર કર્યો છે. તલાવ કંચન જેવા જળથી છલોછલ થઇ માનસરોવરની પદવીએ પહોંચ્યું છે. હજારો લોકોનો પ્રવાહ શરૂ થયો છે જેથી ગામના પહોળા રસ્તાઓમાં પણ ભીડ રહે છે. દુકાનો,

વાહન વિગેરેથી દેખાવ રળીયામણો થઇ એક પાંચ હજારની વસ્તીના ગામને શહેરનું નૂર આવ્યું છે. દર પૂનમે બળદને આરામ મળવાનો, ચૈત્ર સુદ ૧૫ અને આસો સુદ ૮ ના બે જબરા મેળા ભરાવાના. આ સાલ કાર્તક સુદ ૧૫ નો એક વધુ મેળો છે. વેપાર રોજગારને તેજ આવ્યું છે અને નિવૃત્તિને સ્થાને પ્રવૃત્તિનો દેખાવ નજરે પડે છે.

૫૦ જાત્રા કરવા આવવાની અનુકૂળતા.

બી. બી. સી. આઇ રેલ્વેના નડીયાદથી આણંદ સુધીના તમામ સ્ટેશનોથી તથા આણંદ ખંભાત લાઇનના પેટલાદ સુધીના સ્ટેશનોથી આવવા જવાની અનુકૂળતા છે. બોરીઆવી સ્ટેશન વધારે પસંદ કરવા જેવું છે, ત્યાંથી મહેલાવ ૭ માઇલ છે. ત્યાં ગાડાની અનુકૂળતા થાય એમ છે. રસ્તામાં વડતાલના સ્વામીનારાયણના ધામપરથી અવાય એવું છે. અહિં કંઇ કર નથી, ભયો કરાવવા કંઇ આપવું પડતું નથી, રહેવા માટે ધર્મશાળાઓ માતાજીના સ્થાનકને ફરતી છે. બ્રાહ્મણોની વસ્તીને લીધે બધી જાતની અનુકૂળતા છે. અહિં અંબાજીની પદ્ધતિ પ્રમાણેજ યાત્રા કરી જવાનો હુકમ છે. અંબાજી માતાને માનેલી બાધાઓ અહિં ઉતારી જવાથી કોઇ પણ જાતનો વાંધો આવતો નથી એવો અહિં હુકમ છે. છતાં જેને આરાસુર જવુંજ હોય તેના માટે આગ્રહ નથી. ખુશીથી આપે તે શિવાય કંઇ પણ લેવા માટે માતાજીની સખત મનાઇ છે. રવીવાર, મંગળવાર અને ગુરૂવાર એ માતાના વાર છે તે દિવસે માતાજી પેઠીએ શરૂ થાય છે અને બાધા આખડીવાળાને સંતોષ આપે છે. બીજા વારપર પણ જરૂર હોય તો માતાજી હાજર થઇ ભક્ત અને આસ્થાવાળાની વારે આવે છે. <u>તથાસ્તુ</u> !

અમરવેલીનાં પરાક્રમ !!

રગતપિત—એડવા તા. સાણુંદના માસ્તર પુરશોતમ ત્રિકમભાઇનો નોકર જેસંગ વાઘા પગીનું આખું શરીર ફૂલી ગએલું, શરિરે બળતરા થતી, ઠેકઠેકાણે ચાઠાં પડી ગએલાં તે ઘણા દાક્તરોની દવા કર્યા છતાં મટયું નહિ તેણે **અમરવેલી** પચીસ દીવસ ખાતાં આરામ થયા બદલ સદર માસ્તરે સર્ટીફિકેટ આપ્યું છે.

વિસ્ફોટક—બોરીઆવી તા. આણંદની બાઇ રાઇબાને છ માસથી વિસ્ફોટકનો રોગ થએલો, શરીરે ફોલ્લા ઉપડી અંગ ફૂલી જવાથી અતિશય વેદના ઉપડેલી અને મટયાની આશા નહોતી, દાક્તરોએ કેસ છોડી દીધો પણ **અમરવેલી** ફક્ત ચૌદ દિવસ ખાતાં મોતમાંથી ઉગર્યા બદલનું સર્ટીફિકેટ મોકલી આપ્યું છે.

પક્ષાઘાત—વસો તા. પેટલાદના પા. મોતીભાઇના નારણભાઇનાં માતુશ્રીને થએલો પક્ષાઘાત ફક્ત સાત ગોળીઓ ખાતાંજ મટી ગયા બદલ સર્ટીફિકેટ આપ્યું છે.

હાથીપગ—મહેલાવ તા. પેટલાદના પા. બાબરભાઇ ઉમેદભાઇના ઢેડ નામે ધુળા મીઠાના છોકરાને ત્રણ વર્ષથી હાથીપગનું દર્દ લાગુ થએલું અને દાક્તરોની દવાથી થાકી **અમરવેલીની** ફક્ત ત્રણ ગોળી વાપરતાં તેનું દર્દ નાબુદ થયા બદલ સર્ટીફિકેટ મળ્યુંછે.

ગરમીના રોગ—મહેલાવ ગુજરા પ૮..
અમથાને ગરમીનો રોગ ફાટી નીકળેલો, ાગે ચાઠાં પડ..
અને એક સરખી અગન બળતી હતી તેણે રવેલી એક અઠ-
વાડીયું ખાતાં શરીર કંચન જેવું થયા બદલ િફિકેટ આપે છે.

વરાધ મટી—વસોના પા. મોતીભાઇ નારણભાઇના ભત્રિજાને વરાધ થઈ ગઈ અને તેની બચવાની આશા મુકી દીધી ફક્ત એજ ગોળીઓથી છોકરો બચ્યો ત હલ સરટીફિકેટ મળ્યું છે.

જંતુ વિનાશક—અમરવેલી જબરજસ્ત જંતુ વિનાશક છે જે જે દર્દોનાં જંતુઓ હોય છે તે જંતુઓ જડમૂળથી નાશ પામેછે. જેથી કયા દર્દો ઉપર અમરવેલી લાગુ નહિ પડે એજ કહેવું મુશ્કેલ છે. મોટા દાક્તરો દરેક દર્દના જંતુઓનો શોધ કરી કયા ઉપાયથી કયાં જંતુઓ નાશ પામે તેનો નિર્ણય કરવા મહેનત કરે છે. આ શોધ હવે થઈ ચુકી સમજો. કારણ અમરવેલીથી કુદરતના ગમે તેવા જંતુ–બેકટીરીયા, બેસિલિસ કે ગમે તેવાં જંતુ હશે તો પણ તેનો નાશ થવોજ જોઇએ. એમાં કોઇ જાતનો શક રહેવાજ નથી.

એજન્ટ

કિશોરભાઇ બુળજાભાઈ પટેલ.
કરમસદ–આણંદ થઇ.

મણીભાઈ વાઘજીભાઇ પટેલ.
કરમસદ.–આણંદ થઇ.

ડી વનસ્પતિના શોધો!!

રૉકેટ

તોતડી ... લાજી કરે છે; ગાનારના સુર સુધારે છે; ફાટતો અટકાવી કોયલ જેવો મધુર કરે છે; ધાંટો બેઠો હોય ઉઘડી જાય છે, ઉધરસ નાબુદ થાય છે. સ્વાદિષ્ટ લાગે છે. બાળ માટે બાલામૃત છે. લોહી વિકારપર સાર્સાપરિલા છે. વનસ્પ વિજય સાબીત કરે છે.

૩૨ ગોળીઓની કિંમત રૂ. ૧) પોસ્ટ પેકિંગ જુ.

મેન્ટિસ

ગાંડપણું, ચિત્તભ્રમ દૂર કરે છે; મગજ શક્તિ ઘણીજ સતેજ કરે છે; યાદદાસ્ત ખૂબ વધારે છે. થાક ઉતારી જલ્દ ઉત્સાહ આણે છે. ધ્યાન ધરવામાં કે અભ્યાસ કરવામાં કે વાંચવામાં એકતાર કરી ચિત્તવૃત્તિ એકાગ્ર કરે છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો વિગેરેને ઘણી ઉપયોગી છે. તદન નિર્ભય જંગલની જડીબુટ્ટિ છે.

૨૪ ગોળીઓની કિંમત રૂ. ૧) પોસ્ટેજ પેકિંગ જુદું.

લખો—

ઉનાઉકર ઈનામદાર રૉકેટ લેબોરેટરી.

જુનો ભાગ—મહેલાવ.

આણંદ થઇને.
